૭૩૧૨

# બાળોપયોગી નિબંધમાળા.

અંક પહેલો.

૭૩૧૩

# વડિલ સેવા.

પ્રગટ કર્તા.


બાળહિતૈષી મંડળી.


દાતા વિદ્યા અન્નના, ભયથી બચાવનાર;
માત પિતા ગુરૂ એ બધા, જાણ્યુ હિત કરનાર;
કરવી સેવા એમની, અંતર રાખી માન;
ઇશ્વર વર શુભ આપશે, થશે યોગ્ય સન્માન.




શ્રી "ગજાનન" પ્રીંટીંગ પ્રેસ ગાયવાડીઃ-મુંબઈ.

કીંમત માત્ર ત્રણ આના.

બાળોપયોગી નિબંધમાળા.

અંક પહેલો.

# વડિલ સેવા.

પ્રગટ કર્તા.

બાળહિતૈષી મંડળી.

દાના મોટા આપણા, ભયથી બચાવનાર;
માત પિતા ગુરૂ એ બધા, સદા હિત કરનાર;
કરવી સેવા એમની, અંતર રાખી માન;
ઇશ્વર વર શુભ આપશે, થશે યોગ્ય સન્માન.



શ્રી "ગજાનન" પ્રીંટીંગ પ્રેસ ગાયવાડી:—મુંબઈ.

કીંમત માત્ર ત્રણ આના.

## પ્રવેશિકા.

આ પુસ્તક પ્રગટ કરવાનો મુખ્ય ઉદ્દેશ બાળકોને નીતિશિક્ષણ આપવાનો હોવાથી જે વિષય અત્રે ચર્ચવામાં આવ્યો છે તે ઘણીજ સરળ, રસીલી અને સાદી ભાષામાં ચર્ચેલો છે. બાળકોને આનંદ સાથે જ્ઞાન પ્રાપ્ત થાય એવો કાંઇક પ્રયત્ન અત્ર કરવામાં આવ્યો છે; અને કેટલે અંશે તે સફળ થયો છે તે નક્કી કરવાનું કાર્ય વાંચકવર્ગનું છે.

બાળકોને વર્તમાન સમયમાં નીતિશિક્ષણની ઘણીજ જરૂર છે, એ વિષે હવે બે મત નથીજ. તેવા પ્રસંગોમાં આ મારો અલ્પ પ્રયાસ કેવળ નિરૂપયોગી નહિ ગણાય. વળી આ પુસ્તક વાંચવાથી બાળકોને એક અથવા બીજા પ્રકારનો લાભ થવાનો સંભવ છે, એવા અભિપ્રાય ઉપર વાંચક-વર્ગ આવશે તો હું પોતાને કૃતાર્થ થયેલો સમજીશ.

મુંબઈ, જાનેવારી, ૧૯૦૦.

## વિજ્ઞપ્તિ.

ખીલતાં બાલકોના કોમળ અંતઃકરણમાં જ્ઞાનદીપ પ્રગટ થાય તે માટે સર્વદેશીય શિક્ષણની તેમને ઘણીજ જરૂર છે. આ અગત્ય શ્રીમંત સરકાર સારી રીતે જાણે છે, પરંતુ જાતી ભેદના પ્રત્યવાયને લીધે ધર્મ અને નીતિના શિક્ષણ ઉપર યથોચિત લક્ષ આપી શકાતું નથી. આજ કારણને લીધે તે શિક્ષણ આપવાનું મહત્કાર્ય ખાનગી સાહસ ઉપર ટકેલું છે. "બાળહિતૈષી મંડળી" નો મુખ્ય ઉદ્દેશ આ સાહસનો યત્કિંચિત્ ભાગ ઉપાડી લેવાનો છે. અને સામાન્ય પ્રજા તરફથી તેને આશ્રય મળતાં તે મંડળી બાળકોને ઉપયોગી સેવા બજાવવાની ઉમેદ રાખે છે. શ્રીમંત ગ્રહસ્થો પોતાનું કર્તવ્ય સારી રીતે જાણતા હોવાથી આ સ્થળે એટલુંજ કહેવું બસ છે કે આવા પ્રયાસને ઉત્તેજન આપવાથી તેઓ બાળ પ્રજાના હિતચિંતક ગણાઇ બાળાશિર્વાદના અધિકારી થશે.

મુંબઈ, જાનેવારી ૧૯૦૦ બા. હિ. મંડળી.

# વડિલ સેવા.

## વડિલોની સેવા શા માટે કરવી?

દરેક બાળક, દરેક યુવાન, દરેક સ્ત્રી, દરેક પુરૂષ થોડે યા ઘણે અંશે, અંતર્જ્ઞાનથી અથવા અન્યની પ્રેરણાથી, ભાવે યા અભાવે, ઉમંગથી યા બળાત્કારે, કોઇપણ રીતે પોતાનાં વડિલોની એક અથવા બીજા પ્રકારની સેવા કરે છે એમ કહેવામાં ખોટું નહિ ગણાય. પરંતુ કેટલાં બધાં માણસો વડિલ સેવાની ખરી અગત્ય બીલકુલ જાણતાં નથી?

સો માણસના ટોળામાંથી ભાગ્યેજ એકાદ બે માણસો એવા મળી આવશે કે જે વડિલ સેવાની ખરી અગત્ય જાણતા હોય. મોટો ભાગ તો કેવળ લોક લાજથી, બળાત્કારથી, અથવા ફક્ત સ્વાર્થબુદ્ધિથીજ તેમની સેવા કરે છે. પરંતુ જ્યાંસુધી કોઇ પણ કાર્યની આવશ્યકતા, તે કરવાથી થતા લાભ, ન કરવાથી થતા ગેરલાભ અને તે લાભાલાભ સિદ્ધ કરનારાં પ્રાચિન તેમજ તેમજ અર્વાચિન પ્રમાણો વિષે સંપૂર્ણ જ્ઞાન થાય નહિ ત્યાંસુધી તે કાર્ય કરવામાં ઉમંગ, આનંદ અને ઉત્તેજન ક્યાંથી મળે?

બાળક તેમજ યુવાન, ગરીબ તેમજ શ્રીમંત, સ્ત્રી તેમજ પુરૂષ, સર્વ કોઇ પોતાનાં માતાપિતાદિ વડિલ વર્ગનાં માનીતાં થવાની, તેઓના તરફથી લાડપાડની અને તેઓની અમિદ્રષ્ટિની

થોડી ઘણી ઇચ્છા રાખતાં હોવાંજ જોઇએ. એવો બાળક કવચિતજ મળી આવશે કે જે પોતાનાં માબાપનો લાડકો દીકરો થવા માગતો નહી હોય, એવો વિદ્યાર્થી કોઇકજ હશે કે જે વર્ગમાં ચડતો નંબર રાખી પોતાના ગુરૂની શાબાશી મેળવવાની ઇચ્છા નહી રાખતો હોય. સદાચાર અને સદ્‌વર્તન માટે મળતાં ઈનામનો લોભ કયો વિદ્યાર્થી નહિ રાખતો હોય? સર્વ કોઈ બાળક, ભલે ગરીબ હોય કે ધનવાન હોય પણ એટલી ઇચ્છા તો રાખતાજ હોવા જોઇએ કે "વર્ગમાં મારો નંબર ઉપર કયારે આવે? મને ઈનામ કેવીરીતે મળે? હું પરિક્ષામાં પાસ કેવી રીતે થાઉં? શું કરવાથી મારા ગુરૂ મારા ઉપર ઘણો ભાવ રાખે? મારા સહાધ્યાયિઓ મારી સાથે પ્રીતિથી વર્તે તો કેવું સારૂં? પરિક્ષક સાહેબ મને શાબાશી આપે તો કેવું સારૂં?" વિગેરે.

યુવાવસ્થામાં પણ તેમજ, "મારો ગ્રહસ્થાશ્રમ ઠીક ચાલે; અને લક્ષ્મી મળે; હું સર્વ વાતે સુખી થાઉં; આ જગત્‌માં મારી કીર્તિ થાય; મારા સબંધીઓ મારા ઉપર સ્નેહ રાખે;" ઇત્યાદિ નાના પ્રકારની અભિલાષા દરેક યુવાન પુરૂષના અંતઃકરણમાં રમી રહેલી હોવીજ જોઇએ. આશા, સુખની આશા, સર્વને હોયજ. આશા એ જીંદગીનું સુત્ર છે. આશા વિના તો આ જગત્‌માં એક પળ પણ જીવી શકાયજ નહિ.

પરંતુ અફસોસ! કેટલાંક થોડાં માણસો આ અગત્યની બાબત ઉપર વિચાર કરેછે? આ જગત્‌માં જન્મ પામી કેટ

ધર્થીનું સાર્થક કરવું, સંસાર વ્યવહારના વૈભોગ યોગ્ય રીતે અને સંતોષકારક રીતે ભોગવવા, સારાં પરાક્રમ કરી લોકમાં યશના અધિકારી થવું, પરસ્પર સંબંધિઓના આશ્રયથી ઉન્નત પદ્વિને પામવું, એ વિગેરે રૂડી આશાઓ કેવી રીતે પાર પડે તેનો વિચાર તો ભાગ્યે કોઇકજ કરતું હશે!

પ્રિય વાંચનાર! વિચાર કરો, આપણા આયુષ્યનો આધાર શાના ઉપર છે? આપણા સુખનો વધારો કેવી રીતે થાય? આ લોકમાં યશના અધિકારી શી રીતે થવાય? આ સંસારમાં રૂડા વૈભોગ કેવી રીતે ભોગવાય? આ પ્રકારના સર્વ પ્રશ્નોનો એકજ ઉત્તર છે કે સદાચાર, સદ્‌વૃતિ, અને સદ્‌ગુણ, દયા, પરોપકારવૃત્તિ અને નમ્રતા, ખંત, અભ્યાસ એ વિગેરેનો આ-શ્રય કરવાથીજ અપેક્ષિત સુખ પ્રાપ્ત કરી શકાય છે. અને તે સર્વનો આશ્રય કેવી રીતે થાય? સદ્‌બોધ, સત્સંગતિ અને સદિચ્છા હોય તોજ તે સદ્‌ગુણ આપણા અંતઃકરણ ઉપર સારી અસર પેદા કરી શકે.

સદ્‌બોધ એટલે શું? સદ્‌બોધ ક્યાંથી મળે? સદ્‌બોધ કેવી રીતે મળી શકે? આ ત્રણ પ્રકારના મહાન પ્રશ્ન અત્રે ઉત્પન્ન થાય છે. અને એ ત્રણે પ્રશ્નનો એકજ ઉત્તર છે કે ખરા અંતઃકરણની પ્રીતિપૂર્વક અને ઉમંગથી કરેલી વડિલ સેવા એજ સદ્‌બોધ મેળવવાનું મુખ્ય સાધન છે. સદિચ્છા એટલે શું? અન્યનું ભલું કરવાની ઈચ્છા એજ સદિચ્છા. અને તેવી

વૃત્તિ ક્યારે થાય? સત્સંગતિ થાય ત્યારે અને સત્સંગતિ પણ સદ્બોધને આધિન છે. ત્યારે છેવટે શું નિર્ણય થયો? એજ કે સર્વ પ્રકારના ઐહિક તેમજ પારલૌકિક સુખનું મુખ્ય સાધન વડિલોની સેવા છે.

આ સૃષ્ટિની રચના જોતાં, તેમજ મનુષ્યમાત્રના નાના પ્રકારના વ્યવહાર જોતાં એમ સિદ્ધ થયું છે કે મનુષ્ય માત્ર પોતાના જન્મપ્રભૂતિથી અન્યનું અનુકરણ કરે છે. અજ્ઞાન બાળક પ્રથમથીજ પોતાનાં માબાપ અને ભાઇ ભાંડુનું અનુકરણ કરે છે અને જો તેઓ સદાચરણ વાળાં હોય છે તો બાળક પણ સદાચારવાળુંજ થાય છે. માબાપના જુદા જુદા ગુણ અને કાર્યનું બાળક અનુકરણ કરે છે. જેમ જેમ તે મોટું થાય છે તેમ તેમ તે વધારે માણસોના સંબંધમાં આવે છે. અને તેમ તેમ તે વધારે વિસ્તાર ઉપર અનુકરણ કરવા માંડે છે. પરંતુ કેવળ અનુકરણ કરવાથીજ જ્ઞાન પ્રાપ્ત થઇ શકતું નથી; તેટલા માટે અજ્ઞાન બાળક આડે માર્ગે દોરવાઇ ન જાય તે માટે માતાપિતાદિ, વડિલો તેની પુરતી સંભાળ રાખે છે. તેના દેહનું રક્ષણ કરે છે: તેને વારંવાર શિખામણ આપે છે. તેના સુખ દુ:ખમાં ભાગી થઇ તેનું કષ્ટ બનતા પ્રયાસે નિવારણ કરે છે. તેના દુ:ખે દાઝે છે, અને તેના સુખમાંજ આનંદ માને છે. જેમ જેમ બાળક મોટું થાય છે તેમ તેમ તેના મનની કેળવણી માટે તેને રૂડા પ્રકારનું શિક્ષણ અપાવે છે. સંસારના નાના

પ્રકારના વ્યવહાર અને રીતભાત વિષે તેને માહેર કરે છે અને ભવિષ્યમાં સંસારસાગરમાં તેનું નાવ નિર્વિઘ્ન પસાર થાય તે માટે તેને હરેક પ્રકારની સગવડ કરી આપે છે. આ પ્રકારે બાળકના જન્મથીજ માબાપાદિ વડિલોનો તેના ઉપર અવર્ણ્ય ઉપકાર થવા માંડે છે.

ધારો કે તમારા વર્ગમાં એક એવો વિદ્યાર્થી છે કે જેને તમે વારંવાર સહાય કરોછો, તેને જરૂરની ચોપડીઓ, પૈસા અને ખોરાક પોષાક પણ તમેજ આપોછો. ટુંકામાં તમે તેનું હરેક પ્રકારે રક્ષણ અને કલ્યાણ કરો છો. હવે એકાદ વખત એવું બને કે તમે તેને કાંઇ કાર્ય કરવાનું સોંપો અને જો તે ન કરે અથવા ઉલટ અને ઉમંગ વિના તે કાર્ય કરે તો તમે તેને કેવો કહેશો? અલબત તેના જેવો કૃતઘ્ની બીજો કોણ ! તેવે પ્રસંગે તમારા અંતઃકરણમાં એમજ થશે કે "આવા કૃતઘ્ની બાળકને સ્હાય કરવી કેવળ નિરૂપયોગી છે. એવાં છોકરાંઓ તો જરા પણ દયાને લાયક નથી. ધિક્કાર છે તેવાં બાળકોને ! તેમની સોબત કોઇએ પણ નહિ કરવી. તેમનો તો કેવળ ત્યાગ કરવો." વિગેરે.

જે બાળક ઉપર થોડા વખત ઉપર તમે ઘણો ભાવ રાખતા હતા, જેના કલ્યાણ માટે તમે યત્ન કરતા હતા, જેને સુખી જોઇ તમે સુખી થતા હતા; તેજ બાળક તરફ એક નજીવી બાબતને લીધે તમે તિરસ્કારની નજરથી જુઓ છો, તેને તરછોડો છો,તેને અળગો કરો છો; એ સધળાનું કારણ

શુ ? એક પળવારમાં તમારી વૃત્તિ કેમ બદલાઇ ગઈ ? કારણ માત્ર એટલુંજ કે તમોએ તેના ઉપર કરેલા ઉપકારની કદર તેણે નહિ પિછાણી. તમારા આભારનો બદલો વાળવાની તેણે સંભાળ નહિ લીધી અને તેથીજ તે ક્ષણવારમાં તમારી પ્રીતિ, અને રક્ષણ ખોઇ બેઠો.

વિચાર કરો કે જે માબાપ આદિ વડિલોએ આપણા બાળપણમાં આપણા શરીરની સંપૂર્ણ સંભાળ લઇ આપણને ઉછેર્યા, આપણા દેહની સુખશાંતિ સાચવવા માટે જેમણે હજારો પ્રકારનાં અસહ્ય દુઃખ સહન કર્યાં, આપણી બાલ્યાવસ્થાના કાચા પણ કોમળ અને હઠીલા અંતઃકરણમાં જે જે ઇચ્છાઓ ઉત્પન્ન થતી તે પુરી કરવામાં જેમણે અથાગ શ્રમ વેઠયો, આપણા અજ્ઞાનપણામાં તેમજ આપણા શરીરની અશક્તિને લીધે આપણી સ્વચ્છતા સાચવવા માટે જેણે સર્વ પ્રકારની શંકાઓનો ત્યાગ કર્યો, આપણા આરોગ્ય અર્થે જેમણે નાના પ્રકારના સુખ અને વૈભવનો અનાદર કર્યો, આપણને સ્હેજ પણ દુઃખ થતાં જેમણે પોતાના માનસિક તેમજ શારીરિક સંકટોની કેવળ અવગણના કરી તે દુઃખ નિવારણ કરવામાંજ તત્પર રહ્યા. આપણા અંતઃકરણમાં જ્ઞાનના અંકુર ફુટતાં દુનિયાના જુદા જુદા સંબંધિઓ સાથે જેમણે ઓળખાણ કરાવી, તેમજ તેઓની અભિરૂચીને અનુસરીને કેમ વર્તવું તે પણ જેમણે શિખવ્યું, ભવિષ્યમાં

આપણો ઉદય થાય તે સારૂ આપણને માનસિક અને શારીરિક કેળવણી આપવામાં જેમણે તન મન અને ધનથી અથાગ શ્રમ વેઠયો, આપણને ઈચ્છિત ભોગ પ્રાપ્ત કરાવવા સારૂ જેમણે મહા કષ્ટ ભોગવી દ્રવ્ય આદિ સાધનો તૈયાર કર્યાં, આપણા મર્ણ પછી પણ આપણું શ્રેયજ થાય તે માટે જેમણે આપણને પરમેશ્વર સંબંધી જ્ઞાન આપ્યું, તેમજ તેની સેવા ભક્તિ કરતાં શિખવ્યું એવાં અત્યંત દયાળુ, માયાળુ, અને મમતાળુ માબાપોનો અને વડિલોનો આપણા ઉપર કેટલો મોટો આભાર થયો છે !

આ દુનીઆમાં આપણાં ખરાં હિતચિંતકો તો આપણાં વડિલ વર્ગજ છે. જે બાળક દૈવયોગે તેવા વડિલોના આશ્રય વિના ના હોય છે, તેને કેટલાં અને કેવાં માહાભારત સંકષ્ટ વેઠવાં પડે છે તે જ્યારે આપણે નજરોનજર જોઇએ છીએ ત્યારેજ આપણા વડીલોના સંરક્ષણના અપૂર્વ લાભની મહતા આપણા સમજ્યામાં આવે છે. સરીઆમ રસ્તા ઉપર ભીખ માગતો, ચીથરે હાલ થયેલો, અને નિરાધાર ભટકતો બાળક જોઇને કોનું અંતઃકરણ નહિ પીગળે? ખરેખર તેવાં અનાશ્રિત બાળકોને સ્હાય કરવાનું કારણ એજ છે કે તેઓને તેઓના વડિલોના સંરક્ષણનો લાભ અન્ય રીતે મળી શકે.

ઉપકારનો બદલો ઉપકારથીજ વાળવો, એ સર્વ શાસ્ત્રોનો બોધ છે. દરેક મનુષ્યની મુખ્ય ફરજ એ છે કે પોતે પોતાની

શક્તિ પ્રમાણે અન્યને ઉપયોગી થવું અર્થાત્ પરોપકાર વૃત્તિનો આશ્રય કરવો અને પોતાનું કલ્યાણ કરનારને બદલો વાળવાનો પ્રયત્ન કરવો. મા, બાપ, ગુરૂ આદિ વડિલોનો આપણા ઉપર શરૂઆતથીજ ઉપકાર થતો આવે છે. અને તે ઉપકારનો બદલો વાળવામાં બેદરકારી કરવી એ ભવિષ્યમાં નાના પ્રકારનાં અસહ્ય દુઃખો આવી પડવાની નિશાની છે. ત્યારે હવે તેઓની ખરા અંતઃકરણથી યોગ્ય અને રૂડા પ્રકારની સેવામાં આપણે અવશ્ય તત્પર રહેવુંજ જોઇએ આ વાતની કોણ ના પાડી શકશે?

---

## વડીલ એટલે કોણ?

એ પ્રશ્ન દરેક જણે અવશ્ય વિચારવા યોગ્ય છે. એક રીતે આપણે કબુલ કરીએ કે વડિલ સેવા કરવી અગત્યની છે, પરંતુ જ્યાં સુધી વડિલ એટલે કોણ એ વિષેજ પુરતું જ્ઞાન થયું નથી ત્યાં સુધી કોની સેવા કરવી?

આર્ય ધર્મ શાસ્ત્રોમાં વડિલ ચાર પ્રકારના કહેલા છે. ૧ જે આપણા કરતાં વયે મોટા હોય તે. ૨ તપ અને ધર્માચરણ વડે કરીને આપણા કરતાં ઉન્નત સ્થીતિએ પહોંચેલા હોય તે. ૩ સારા પ્રકારનો વિદ્યાભ્યાસ કરી આપણા કરતાં જેમણે વધારે જ્ઞાન મેળવેલું હોય તે. ૪ અને આપણા કરતાં ઉચ્ચ કુળમાં જન્મી, કુળ ધર્મ યથાન્યાય પાળીને આપણા ઉપર જેઓ

અષ્ટતા ભોગવે છે તે. પ્રથમ વર્ગના વડિલોમાં આપણાં માતા, પિતા, કાકા, મામા, વિગેરે સંબંધિઓનો સમાવેશ થાય છે. બીજા વર્ગમાં મહાત્માઓ, પંડીતો, સદાચારી અને અનુભવિ વિદ્વાનો તેમજ આપણને શિક્ષા આપનાર ગુરૂ એ વિગેરેનો સમાવેશ થાય છે. ત્રીજા પ્રકારના વડિલોમાં આપણા કરતાં વધારે અનુભવ વાળા અને જ્ઞાની પુરૂષો આવી જાય છે. અને ચોથા વર્ગમાં આપણા કરતાં ઉન્નત કુળ અને પંક્તિના મનુષ્યોનો સમાવેશ થાય છે. માનવ ધર્મ શાસ્ત્રમાં કહ્યું છે કે

अज्ञो भवति वै बालः पिता भवति मंत्रदः ।
अज्ञं हि बालमित्याहुः पितेत्यैव तु मंत्रदं ॥

"અજ્ઞાની પુરૂષ હંમેશાં બાળક કહેવાય છે. તેમ અજ્ઞાનને દુર કરી જ્ઞાન આપનારમનુષ્ય પિતા કહેવાય છે. કારણકે રૂષિઓ પૂર્વે અજ્ઞાનીને બાળક અને જ્ઞાન દેનારને પિતા જ કહેતા." તેવીજ રીતે ચાણ્યાકનીતિમાં પણ કહ્યું છે કે

जनिता च विनेता च यस्तु विद्यां प्रयच्छति ।
अन्नादाता भयत्राता पंचैते पितरः स्मृताः ॥
राजपत्नी गुरोः पत्नी मित्रपत्नि तथैव च ।
पत्नीमाता स्वमाता च पंचैते मातरः स्मृताः ॥

"જન્મ આપનાર પિતા, વિનય શિખવનાર અને નિયમમાં રાખનાર (રાજા), વિદ્યા આપનાર (ગુરૂ), ભયથી રક્ષણ કરનાર

અને પોષણ કરનાર એ પાંચેને શાસ્ત્રોમાં પિતા કહેલા છે. અર્થાત્ તેઓને પિતા સમાન ગણી તેઓના તરફ પુત્ર ભાવથી વર્તવું."

"રાજાની સ્ત્રી, ગુરૂની સ્ત્રી, અને મિત્રની સ્ત્રી, તેમજ પોતાની સાસુ અને પોતાને જન્મ આપનાર માતા એ પાંચેને શાસ્ત્રોમાં માતા કહેલ છે." વળી મહાભારતમાં કહ્યું છે;

ज्येष्ठा मातृसमा चापि भगिनी भरतर्षभ
भ्रातुर्भार्या च तद्वत्स्याद्यस्या बाल्ये स्तनं पिबेत्

"મોટી બ્હેન, મોટા ભાઇની પત્ની, તથા બાલ્યાવસ્થામાં જેનું સ્તન પાન કર્યું હોય તે ત્રણે માતા સમાન ગણવાં."

ઉપર આપેલાં શાસ્ત્રપ્રમાણે જોતાં જણાશે કે માતા, પિતા, મોટા ભાઈ, મોટી બ્હેન, મોટા ભાઈની સ્ત્રી, ગુરૂ, રાજા, વિદ્વાન, પોષણ કરનાર, શરીરનું રક્ષણ કરનાર, હિતચિંતક, અને આપણું કલ્યાણ કરનાર એ સર્વે આપણા વડિલો કહેવાય.

---

## વડિલ સેવા એટલે શું?

એ ત્રીજો પ્રશ્ન છે. વડિલો ઘણા પ્રકારના છે. અને તેઓના તરફથી થતા ઉપકાર પણ જુદા જુદા મહત્વવાળા હોય છે. અને તેટલા માટે તે ઉપકારની મહતા જાણી લઇ તે પ્રમાણે બદલો વાળવાના પ્રકાર પણ જુદા જુદા હોય છે. માતા પિતાની સેવા કરવાની રીત જુદી, ગુરૂની સેવા કરવાની રીત જુદી,

વડિલ સંબંધિઓની પ્રીતિ મેળવવાની રીત જુદી. એ રીતે વડિલ સેવાના સર્વે પ્રકાર વિષે પુરતું જ્ઞાન દરેક મનુષ્યે અવશ્ય મેળવવુંજ જોઇએ.

દરેક મનુષ્યના સ્વભાવમાં બીજાના સ્વભાવ કરતાં સ્હેજ પણ ફેર હોયછે. દરેકની અભિલાષાઓમાં પણ ભિન્નતા જોવામાં આવે છે. દરેકના ગુણમાં, દરેકના શોખમાં અને દરેકના આચરણમાં કાંઈ કાંઈ તફાવત હોવોજ જોઇએ. અને તેઓની સેવા કરવામાં તેઓની અભિરૂચીઓ અને આકાંક્ષાઓને માન આપીનેજ વર્તવાની અવશ્ય જરૂર.છે. દાખલા તરીખે ધનવાન શ્રીમંત તરફથી થયેલા ઉપકારના બદલામાં દ્રવ્યનું સાધન કેવળ નિરૂપયોગી છે. તેવો બદલો વાળવા માટે તો તેની ઇચ્છા પ્રમાણે તેને ઉપયોગી થવું જોઈએ. માતા પિતાના ઉપકારનો બદલો વાળવામાં તેમના હંમેશના દાસ થઈ રહેવાની જરૂર છે. એકલા દ્રવ્યના સાધનથી અર્થાત્ ફક્ત દ્રવ્ય આપવાથીજ તેમનો ઉપકાર સંપૂર્ણ રીતે વાળી શકાય નહિ.

માબાપના કહ્યા પ્રમાણે વર્તિ તેઓને રાજી રાખવાં, તેઓની શિખામણ પ્રમાણે ચાલી તેમને સંતોષ આપવો, તેમને કોઇ પ્રકારે હેરાન ન કરવાં, અયોગ્ય પ્રકારની હઠ કરી તેમને સંતાપવાં નહિ, પોતાની મીઠી વાણીથી તેઓની પ્રીતિ સંપાદન કરવી, એવીજ રીતે ભાઇ ભાંડુ, સગાંવ્હાલાં વિગેરેનાં મન સંપાદન કરવાં. એ પ્રકારની વડિલ સેવા બાળવયમાં કરવાની છે.

બાલવય પુરી થવાનો અને યુવાવસ્થામાં પ્રવેશ કરવાનો જે સમય તેમાં એટલે કે દસથી પંદર વર્ષની વયમાં બાળકનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાભ્યાસ અને સદાચરણ શિખવાનો છે અને તેટલા માટે પુર્વવયમાં કરવાની સેવા ઉપરાંત ગુરૂ સેવાનો વધારો થાય છે. પોતાને વિદ્યાભ્યાસ કરાવનાર હોય તે ગુરૂ કહેવાય. પછી તે ભલે વયમાં આપણા કરતાં મોટો હોય યા નાનો હોય તોપણ આપણે તો તેની ગુરૂ સમાન પુજા કરવીજ જોઈએ. ગુરૂ સેવામાં ગુરૂની સાથે નમ્રતાથી બોલવું, તેમના તરફ પુજ્યભાવ રાખી તેમની આજ્ઞાને આધિન રહેવું, તે જે જે શિખામણ આપે તે પોતાના મનમાં ઠસાવવી, તેમને પિતા સમજી તેમની તરફ મર્યાદાથી વર્તવું, તેમને નમ્ર અને મધુર વાણીથી પ્રસન્ન કરવા એ વીગેરે બાબતોનો સમાવેશ થાયછે.

વિદ્યાર્થી અવસ્થા પછી યુવાવસ્થા અને ગ્રહસ્થાશ્રમ. યુવાવસ્થામાં પણ પુર્વે કહેલા સઘળા નિયમો પાળવાની અવશ્ય જરૂર છે. પણ ઉપરાંત કેટલીક નવી ફરજો પણ બજાવવી પડેછે. એ ફરજો પણ સારીરીતે પાળવાનો યુવાવસ્થાનો ધર્મ છે. આપણી યુવાવસ્થામાં ઘણું કરીને આપણાં માબાપ અને વડિલવર્ગ વૃધ્ધ અને શરીરે અશક્ત થાય છે. તેવા પ્રસંગોમાં તેમનું પોષણ કરવું; તેમના શરીરના સંરક્ષણાર્થે યોગ્ય ઉપાયો યોજવા; તેમના અંતઃકરણની અભીલાષાઓ પરિપુર્ણ કરવામાં યથાશક્તિ શ્રમ લેવો; તમને નિરાંત મળે તેવી રીતે

ગૃહસંસારનો બોજો પોતે ઉપાડી લેવો એ વિગેરે યુવાવસ્થાની ફરજો છે.

પુખ્તવયે પણ વડિલ સેવા તો આવશ્યક છેજ. જ્ઞાન વડે કરીને અને વર્ણાશ્રમ વડે કરીને જે આપણા કરતાં ઉન્નત સ્થીતિને પ્રાપ્ત થયેલા છે તે આપણા વડિલોજ ગણાય; અને તેઓની સાથે યોગ્ય મર્યાદા અને પ્રેમભાવથી વર્તવું એ પણ એક પ્રકારની વડિલ સેવાજ કહેવાય. પણ પુખ્તવયી માણસો પોતે પોતાના ધર્મ યોગ્યરીતે સમજતા હોવાથી આ સ્થળે તત્સંબંધી વધુ લખવાની જરૂર રહેતી નથી..

## શાસ્ત્રોક્ત વડિલ સેવા.

આર્ય તેમજ અન્ય પ્રજાઓના ધર્મ સંબંધી અને સાહિત્યનાં સર્વમાન્ય પુસ્તકો વાંચનારને એમ સ્પષ્ટ જણાશે કે દરેક મનુષ્યે વડિલ સેવાની અગત્ય સમજવીજ જોઇએ. દેશ, કાળ, વર્ણ એ વિગેરેને અનુસરીને દરેક પ્રજા વર્ગનાં ધર્મ પુસ્તકોમાં વડિલ સેવાના ભિન્નભિન્ન પ્રકાર જણાવેલા છે. પણ તેની અગત્ય વિષે સર્વ શાસ્ત્રો એકમત જ છે. આપણે આર્ય પ્રજા છીએ અને આર્યાવર્તમાં (હિંદમાં) રહીએ છીએ માટે બીજાં પુસ્તકો કરતાં આર્ય ધર્મ પુસ્તકો આપણને વધારે રૂચીકર અને સુખદાયક હોવાં જોઇએ. તેજ શાસ્ત્રોને આધારે આપણા પૂર્વજ વિદ્વાનોના અભિપ્રાય આપણે તપાસીએ. વેદ શાસ્ત્રોમાં મનુષ્યને આજ્ઞા કરી છે કે

मातृदेवोभव । पितृदेवोभव । आचार्यदेवोभव ।
अतिथिदेवोभव । मान्यान्मानय ।

અર્થાત્ "માતાને, પિતાને આચાર્યને તથા અતિથિને દેવ પ્રમાણે માનનારો થા,—તેઓના તરફ પુજ્ય ભાવ રાખી તેઓની ભક્તિ કર. જે પુરૂષો તારા માન્ય છે એટલે તારા વડીલ છે તેઓનું સન્માન કર."

માનવધર્મ શાસ્ત્રાદિ શાસ્ત્રો વડિલ સેવાની અગત્યનું વિવેચન કરતાં કહે છે કે,

यं माता पितरौ क्लेशं सहेते संभवे नृणाम् ।
न तस्य निष्कृतिः शक्या कर्त्तुं वर्षशतैरपि ॥ १ ॥
तयोर्नित्यं प्रियं कुर्यादाचारस्य च सर्वदा ।
तेष्वेव त्रिषु तुष्टेषु तपः सर्वं समाप्यते ॥ २ ॥

"બાળકોને ઉછેરી મોટાં કરવામાં માતા પિતાને જે દુઃખ સહન કરવાં પડે છે તેનો બદલો સો વર્ષ પર્યંત સેવા કરેથી પણ વાળી શકાતો નથી."

"તેઓનું તેમજ પોતાને શિક્ષણ આપનાર ગુરૂનું હમેશાં પ્રિય કરવું જોઈએ, અર્થાત્ તેઓને રૂચિકર થઈ પડે તે પ્રમાણેજ વર્તવું જોઈએ, કારણ કે તે ત્રણ (મા, બાપ અને ગુરૂ) આપણાથી સંતુષ્ટ હોય તો સર્વ પ્રકારની તપશ્ચર્યા કર્યાના લાભ સંપૂર્ણ રીતે મળી શકે છે."

માતા, પિતા, તાત અને ગુરુ એ શબ્દોના અર્થમાંજ એવો ભાવ રહેલો છે કે જેમને તે નામથી બોલાવવામાં આવે છે તેમની તરફ સંપુર્ણ નમ્રતા અને પ્રીતિભાવ ધારણ કરવાની અવશ્ય જરૂર છે.

तनोति—शरिरं दापयत्यसौ तातः ।

'જે શરીરનો ઉત્પાદક—પેદા કરનાર છે તેજ તાત.' સામાન્ય લૌકીક રિવાજ એવો છે કે આપણને જે કોઈ કાંઈ આપે તેનો બદલો વાળવાની આપણી ફરજ છે; તો તાત કે જે આપણા જીવનનો-દેહનો દાતા છે તેના તરફ ભક્તિ ભાવ અવશ્ય હોવોજ જોઇએ. તેજ પ્રમાણે पाति—पालनं करोत्यसौ पिता । 'જે આપણું રક્ષણ અને પાલન કરે છે તેજ પિતા.' બાળવયની અજ્ઞાન અને મુગ્ધ અવસ્થામાં રક્ષણ અને પાલન કરનાર પિતા સમાન બીજું કોઈ નથી. ત્યારે તેમના ઉપકાર તો વાળવોજ જોઇએ. તેજ પ્રમાણે जनक શબ્દનો અર્થ પણ એવોજ ભાવ સુચવે છે.

मान्यते—पूज्यतेऽसौ माता 'જે આપણા માનને લાયક છે, જેની પૂજા કરવાનો આપણો ધર્મ છે તેજ માતા.'

पुत्र શબ્દમાં પણ એવો ભાવ રહેલો છે કે પુત્રપદ્ધિ ઉપરના મનુષ્યે પોતાના વડીલ સંબંધીઓના શ્રેય અર્થે હમેશાં તત્પર રહેવુંજ જોઇએ. पुन्नाम नरकात्त्रायति पितृन्योऽसौ पुत्रः । 'પુન્ નામના નર્કમાંથી જે પિતૃઓનું રક્ષણ કરે છે તેજ પુત્ર.' આ પ્રમાણે શબ્દાર્થ જોતાં પણ વડીલસેવા સિદ્ધ થાય છે.

શાસ્ત્રોનાં પ્રમાણ પણ ઓછાં નથી. મહાભારતાદિ શાસ્ત્રોમાં જ્યાં ત્યાં વડીલ સેવાનોજ ઉપદેશ જોવામાં આવે છે.

माता गुरुतरा भूमेः खात्पितोच्चतरस्तथा ।

'પૃથ્વી કરતાં વધારે વડીલ–શ્રેયઃસાધક કોણ? માતા. સ્વર્ગ કરતાં પણ અધિક શું? પિતા.' न मातुः परदैवतं । 'માતા સમાન બીજું દૈવત નથી.'

प्रिणाति यः सुचरितैः पितरौ स पुत्रः

'જે પોતાના સદાચારથી માતા પિતાને પ્રસન્ન કરે છે તેજ પુત્ર.'

माता यत्र न संतुष्टा पिता यत्र न पूज्यते
अतीथिनां न सत्कारो यथारण्यं तथागृहं ॥ १ ॥
गुरुसेवा तु कर्तव्या मनःकामफलप्रदा
सावीता न च येनाऽसौ उच्छ्वसन्न तु जिवति ॥ २ ॥

"જે ઘેર માતા પ્રસન્ન રહેતી નથી; અને જ્યાં પિતાની તરફ ભક્તિભાવ નથી; તેમજ જ્યાં અતિથિનો સત્કાર થતો નથી તે ઘર-સ્થળ અરણ્ય સમાન છે."

"ગુરૂ– વડીલ સેવા કરવાની અવશ્ય છે કારણ કે તે સઘળા મનવાંછિત લાભને આપનારી છે. જેણે ગુરૂસેવા સાધી નથી તે શ્વાસ લેતાં છતાં પણ જીવતો નથી, અર્થાત્ તેનું જીવવું નિરર્થક છે."

गुरून्दृष्ट्वा समुत्तिष्ठेदभिवाद्य कृतांजलिः ।
नैतैरुपवसेत् सार्धं विवादेनार्थकरणात् ॥ ३ ॥

"વડિલોને જોઈ ઉભા થઈ, હાથ જોડી પ્રણામ કરવા, ને તેમની સાથે કાંઇ કારણથી વાદ કરવા બેસવું નહિ."

श्रावयेन्मृदुलां वाणीं सर्वदा प्रियमाचरेत् ।
पित्रोराज्ञानुसारीस्यात् सत्पुत्रः कुलपावनः ॥ ४ ॥

"કુળને પાવન કરનાર સત્પુત્રે પોતાના માબાપાદિ વડીલોને મધુર કોમળ વાણી સંભળાવવી, સર્વદા તેમનું પ્રિય કરવું તથા તેમની આજ્ઞામાં રહેવું."

मातरं पितरं मत्वा शाक्षात्प्रत्यक्षदेवताम् ।
मत्वा गृहीनिवेषेत सदा सर्व प्रयत्नतः ॥ ५ ॥
न ताभ्यामनतुज्ञातो धर्ममेकं समाचरेत् ।

"પુત્રે પોતાનાં માતા પિતાને દેવતા માનીને તેમની સર્વે પ્રકારે સેવા કરવાને હમેશાં તત્પર રહેવું. વળી તેમની આજ્ઞા વિના કાંઇ પણ કાર્ય કરવું નહિ."

पित्रोराज्ञां पालयति सेवने च निरालसः
छायेववर्तयेन्नित्यं यतते चागमाय च ॥ ६ ॥
कुशलः सर्वविद्यासु स पुत्रः प्रितिकारकः ।

"જે પુત્ર પોતાનાં માતા પિતાની આજ્ઞા પાળે, તેમની સેવામાં આળસ ન કરે, નિરંતર તેમને છાયાની પેઠે અનુસરે,

ધન સંપાદન કરવામાં યત્ન કરે અને સર્વ વિદ્યામાં કુશળ હોય, તેજ પુત્ર સર્વને પ્રીતિકારક નિવડે છે."

આ પ્રમાણે સર્વ આર્ય શાસ્ત્રો એક મતે વડિલ સેવાની આજ્ઞા કરે છે. અન્ય પ્રજાનાં ધર્મ તથા નીતિનાં શાસ્ત્રોમાં તપાસીએ તો પણ તેજ અભિપ્રાય સર્વત્ર દર્શાવેલો છે. યુરોપીયન પ્રજા બલ્કે આખી ખ્રીસ્તિ પ્રજાના ધર્મ પુસ્તક—બાઇબલ—માં પણ તેવીજ આજ્ઞા કરેલી છે.

Honour thy Father and thy Mother so that thy Days may be long and happy.

"તારા પિતાને અને તારી માતાને માન આપ કે જેથી તારા દીવસ આનંદમાં નિર્ગમન થાય અને તારા આયુષ્યમાં વધારો થાય."

તેજ પ્રમાણે પારસીઓનાં, મુસલમાનોનાં, યાહુદીઓનાં બલ્કે સર્વ પ્રજાનાં ભિન્ન ભિન્ન ધર્મ અને નીતિ શાસ્ત્રનાં પુસ્તકોમાં વડિલ સેવા ઘણીજ અગત્યની ગણેલી છે.

સામાન્ય રીતે બોલતાં વડિલ સેવા નીચે પ્રમાણે કરવી જોઇએ. પોતાના સર્વ પ્રકારના વડિલો તરફ માતા પિતા વત્ સ્નેહ રાખવો; તેમની આજ્ઞા પાળવાને તન, મન, અને ધનથી તત્પર રહેવું. તેમને કોઇ પ્રકારે દુઃખ થાય અથવા તેમનું કોઈ પ્રકારે અપમાન થાય અથવા તેમને અનાયાસ શ્રમ વેઠવો પડે એવી રીતે કોઈ દિવસ વર્તવું નહિ; તેઓના સુખ દુઃખમાં

ભાગ લઇ તેમને સર્વ રીતે સંતુષ્ટ અને પ્રસન્ન રાખવાં. તેમના તરફથી જે કાંઈ સહન કરવું પડે તે ઉમંગથી સહેવું; તેમની આજ્ઞાનો અનાદર અથવા અવગણના કરવી નહિ; કોઇ દિવસ તેમની સાથે ઉંચે સ્વરે (ક્રોધના આવેશમાં) વાદ વિવાદ કરવો નહિ; જે કાંઇ તેમના તરફથી પુછવામાં આવે તેનો નમ્રતાથી અને મધુર વાણીદ્વારા પ્રત્યુતર આપવો તેઓને આવતા દેખી સામા નમવું અને તેમને હર્ષ ભર્યું સન્માન આપવું; તેમજ તેમને યોગ્ય આસન આપવું. તેમની વિદાયગીરી વખતે તેમની યોગ્યતા પ્રમાણે તેમની સાથે વળાવવા જવું. પોતાને સંકટ આવી પડે ત્યારે અથવા તેવાજ બીજા પ્રસંગ ઉપર ખરી હકીકતથી તેઓને માહેર કરી તેમનો અભિપ્રાય અને સલાહ લેવી. અમુક બાબત ઉપર મતભેદ થતાં તેઓને વિનંતિરૂપે પોતાનાં કારણો દર્શાવી ખુલાસો લેવો પણ કોઇ કાળે વાદ વિવાદમાં ઉતરવું નહિ. જો વડિલો અશક્ત હોય તો તેમના ભરણ પોષણને માટે પણ યોગ્ય તજવીજ કરવી અને પોતે પોતાની શક્તિ પ્રમાણે તેમને સર્વ પ્રકારે મદદ કરવી. ટુંકામાં સર્વ પ્રકારે બને તેવી રીતે તેઓને ઉપયોગી થવાને ઉમંગી અને તત્પર રહેવું.

પ્રસંગોપાત એવું પણ બને છે કે આપણે કેવળ નિર્દોષ હોઇએ છીએ છતાં કાંઇક ભૂલ અથવા ગેરસમજના કારણથી આપણને ઠપકો પડે છે અથવા શિક્ષા સહન કરવી પડે છે. આવો પ્રસંગ આવતાં આપણે નિર્દોષ છીએ એ સિદ્ધ કરવાની

જરૂર છે ખરી. પરંતુ આટલું અવશ્ય યાદ રાખવું કે ક્ષમા અથવા દાદ મેળવવા માટે નમ્રતા જેવું બીજું સાધન એકે નથી. ખરી હકીકત તમારા વડિલો આગળ નમ્રતાપૂર્વ રજુ કરો અને મીઠી વાણીથી દાદ માગો તો તેઓ તમારું કહેવું જરૂર ધ્યાનમાં લેશે. આપણે ગમે તેટલા નિર્દોષ હોઇએ છતાં આપણી કઠોર વાણી અને ગરમ મીજાજ સહન કરવાને આપણા વડિલો કોઇ કાળે પણ કબુલ થાય નહિ એ અનુભવ સીદ્ધ છે. માટે નમ્રતા એજ ખરૂં સાધન સમજવું.

---

## વડિલ સેવાથી થતા લાભ.

વડિલોની સેવા કરવાથી નિપજતા લાભ અસંખ્ય છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી જ. માબાપ સમાન હિતચિંતક બાળકોને બીજો કોઇ નથી. સંકટમાં સહાય કરનાર, નાના પ્રકારનાં વિઘ્ન દૂર કરનાર, ભય વખતે આશ્રય આપી બચાવનાર, સર્વ પ્રકારે કલ્યાણ કરવામાં તત્પર રહેનાર અને ન્યાય માર્ગ દર્શાવી સુખમાં વૃદ્ધિ કરનાર માબાપ વિના બીજું કોઇ જવલ્લેજ હોય છે. શારીરિક અને માનસિક સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખનારે માબાપ અને વડિલોની સેવા કરવી જ જોઇએ. દરેક બાળક એમ નિશ્ચય માનવુ કે આ જગત્‌માં દેહ ધર્યાનું મુખ્ય સાર્થક વડીલ સેવા છે.

ખરા અંતઃકરણથી પ્રીતિપૂર્વક કરેલી વડિલ સેવા સર્વ પ્રકારના અપેક્ષીત લાભ આપે છે. બાલ્યાવસ્થામાં સુખ અને અભિવૃદ્ધિનો મુખ્ય આધાર તેના ઉપર છે. દેહનું રક્ષણ શરીરને સુખાકારીપણું, અજ્ઞાનનો નાશ, જ્ઞાનનો ઉદય, સદ્-ગુણનું આરોપણ, દુર્ગુણનો ત્યાગ, સદ્વિદ્યા, સત્સંગતિ, સદ્-વર્તન, સન્માન, સત્કીર્તિ, એ વિગેરે કલ્યાણજનક સાધનો માબાપની કૃપાવિના પ્રાપ્ત થઇ શકતાં નથી. અને જ્યાં સુધી તેવાં સાધનો પ્રાપ્ત કર્યાં નથી ત્યાં સુધી આ દેહ ધારણ કરેલો વૃથા જ કહેવાય. આ અસારરૂપ સંસારમાં નાવ ચલાવતાં પ્રસંગોપાત ઘણાંજ વિકટ વિઘ્ન આવી પડે છે. એ વિઘ્નો દૂર કરવા માટે વડિલોની અનુભવપૂર્વક સલાહની ઘણીજ જરૂર છે. વ્યવહાર, ધર્મ, નીતિ, ઇત્યાદિ વિષયો એવા ગહન છે કે મા-બાપની સ્હાય વિના તેમાં પ્રવેશ થઇ શકવો ઘણો મુશ્કલ છે. વળી તે વિષયો ઘણાજ અગત્યના હોવાથી તેઓનું યથાર્થ જ્ઞાન મળવાની અવશ્ય જરૂર છે. માટે માબાપની સેવા કરવી જોઇએ.

માબાપ પછી ગુરૂ. જેની પાસેથી કોઇ પણ પ્રકારનું જ્ઞાન મળે તે ગુરૂ. જ્ઞાન કેટલી અગત્યની વસ્તુ છે તે સર્વ જાણે છે. **नास्ति ज्ञानात्परं सुखं** એવો આર્યશાસ્ત્રોનો ઉદ્દેશ છે અને અન્યશાસ્ત્રો પણ ઉદ્દેશ તે પ્રતિપાદન કરે છે. **Knowledge is power** "જ્ઞાન એજ સત્તા છે." અર્થાત્ જ્ઞાન મેળવવું એ જીંદગીનું

બીજું સાર્થક છે. વળી ગુરૂની સ્હાય અને કૃપા વિના પરિપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. આર્યશાસ્ત્રો એટલે સુધી કહે છે કે હજારો પ્રકારના યત્ન વડે કરીને પ્રાપ્ત કરેલું જ્ઞાન ગુરૂની અકૃપા થતાં પળવારમાં નષ્ટ થઇ જાય છે. આ પ્રમાણે જોતાં જ્ઞાન મેળવ્યા પછી પણ ગુરૂની કૃપા તો જરૂરની છે જ; અને જેની કૃપા મેળવવી હોય તેની સેવા પ્રેમપૂર્વક કરવીજ જોઇએ.

બીજા વડીલો—કાકા, મામા, આદિ સંબંધીઓ, કુળાચાર્ય ધર્માચાર્ય, આદિ પુજ્ય પુરૂષો, અને વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, તપોવૃદ્ધ, આદિ વદનીય મહાત્માઓ—સર્વકાળ શુભેચ્છક ગણાય છે. તેઓની સ્હાય, શિખામણ, અને આશ્રયની વારંવાર જરૂર પડે છે. તેઓના સહવાસથી આપણું કલ્યાણ થાય છે. માટે તેમની સેવા કરવામાં પણ તત્પર રહેવું જોઇએ.

---

## ઇતીહાસનાં પ્રમાણ.

૧ શ્રવણ નામનો બ્રહ્માણ માબાપની સેવા કરવામાં એટલો તત્પર રહેતો કે પોતાના આયુષ્યની દરકાર પણ તેણે તજી દીધી હતી. અને તેથી તેને મોક્ષ મળ્યો હતો.

૨ શ્રીમદ્ રામચંદ્રજીએ પિતાના વચન ખરાં કરવા સારૂ ચૌદ વર્ષનો વનવાસ ભોગવી અસહ્ય દુઃખ સહન કર્યાં હતાં. આજ કારણને લીધે તે દેવરૂપે પુજાય છે.

૩ એક વખત આખી દુનીયાને ગજાવનાર મહા પરક્રમી નેપોલીયન રાજા પોતાની માતાની આજ્ઞાને દેવની આજ્ઞા સમાન ગણતો.

૪ પોતાના મોટાભાઇની સેવા કરવામાં લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ને પોતાનાં તન મન અને ધન અર્પણ કર્યા હતાં. અને રાજ્યના વૈભોગનો પણ પળવારમાં ત્યાગ કર્યો હતો.

૫ પોતાના કુળગુરૂનાં સંકટ દૂર કરવાને રાજા દશરથે પોતાના બે પ્રાણપ્રિય પુત્રોને વિક્રાળ રાક્ષસો સામે મોકલ્યા હતા.

૬ પોતે હજારો પ્રકારનાં સંકટ સહન કરવા છતાં હરીશ્ચંદ્ર રાજાએ વિશ્વામિત્ર રૂષીની આજ્ઞાનો લેશ પણ અનાદર કર્યો ન હોતો, કારણકે વિશ્વામીત્ર રૂષી હોવાથી પુજ્ય અને વંદનીય હતા.

આવાં આવાં દસ પાંચ નહિ પણ સેંકડો પ્રમાણો ઇતિહાસમાં નોંધાયલાં છે. પણ પુસ્તકના કદમાં વધારો ન થાય માટે અત્રે તે સર્વ દાખલ કરેલાં નથી. લૌકીક પ્રમાણો તેમજ વર્તમાન સમયનાં પ્રમાણો આપણે વારંવાર નજરેજ જોઇએ છીએ.

---

## વડિલ સેવામાં મુખ્ય કર્તવ્ય.

દરેક બાળકે પ્રાતઃકાળમાં આનંદમય રહી માબાપની પાસે જવું. પોતાની શક્તિપ્રમાણે તેમનો ખબર અંતર પુછવી. તેમને કોઇ પ્રકારની અગવડ પડી હોય અને આપણા ફેરો ખાવાથી અથવા બીજી રીતે તે અગવડ દુર થાય તેમ હોય તો પોતાનાથી બની શકે તેટલો શ્રમ લેવો. ન્હાવું, સ્વચ્છ થવું, એ વિગેરે જેકાંઇ

કરવાનું કહેવામાં આવે તે ઝટ ઝટ કરી લેવું. પોતાની માતાએ પોતાને માટે કાઢી રાખેલાં વસ્ત્રો હોય તે પહેરવાં. જે કાંઇ પથ્ય પદાર્થ આપણને ખાવામાં આપવામાં આવે તે ખાવો. પોતાનાં ભાંડુને પોતાનાથી બને તે રીતે પ્રસન્ન રાખવાં. તેમને દુભાવવાં નહિ. કદાચ જો તે દુભાયલાં હોય તો તેમને પ્રસન્ન કરવાં.

કોઈ પ્રકારે માબાપને હેરાન કરવાં નહિ. નકામી હઠ લઇ તેમને સંતાપવાં નહિ. તેમની આજ્ઞાનું ઉલંઘન કદાપી પણ ન કરવું. મશ્કરીમાં પણ તેમને ઠગવાનો વિચાર ન કરવો. તેમની સાથે વાત કરવામાં હંમેશાં નમ્રતા રાખવી. કોઇ દિવસ તોછડી ભાષા વાપરવી નહિ. પોતાના ઘરમાં જે કાકા મામા આદિ વડિલ વર્ગ હોય તેઓને મળવું. પોતાની મીઠી વાણી અને સારી ચાલથી તેમને પ્રસન્ન કરવાં, તેમને પાસેથી શિખામણની વાતો સાંભળી તે પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરવો. ત્યાર બાદ પાઠ વાંચવા, વિગેરે વિદ્યાભ્યાસને લગતું જે કાંઈ કરવાનું હોય તે કરી લેવું. જમવાનો સમય થાય તે વખતે પોતાનાં કુળ ધર્મ પ્રમાણે સ્વચ્છ વસ્ત્રો પહેરી જમી લેવું. પછી નિશાળે જવાનું હોય તો તે માટે સઘળી તૈયારી કરી વખત થાય કે તરત જ આનંદમાં નિશાળે જવું.

નિશાળે જવામાં અથવા બીજું કાંઇ ઉપયોગી કામ કરવામાં આળસ કરવું નહિ, તેમજ કોઈ કાળે પણ આનાકાની કરવી નહિ. જે કરવું તે આનંદથી અને ઉલટભેર કરવું. કોઈ કાર્ય

ખાસ કારણ વિના અધુરૂં મુકવું નહિ. આ પ્રમાણે કરવાથી માબાપની આપણા ઉપર સંપૂર્ણ કૃપા થાય છે.

વિદ્યાર્થી અવસ્થામાં પોતાના ગુરૂની ઉપાસના કરવી. ગુરૂ પણ પિતા સમાન પુજ્ય છે. વળી હમેશાં યાદ રાખવું કે ગુરૂ જે કાંઇ કહે તે ફક્ત આપણા હિતને માટેજ કહે છે, જે મનુષ્ય ગુરૂપદ્દિ ઉપર હોય છે. તે મનુષ્ય પોતાને સ્વભાવે ગમે તેવો હોય તોપણ તેનાથી અવળી શિખામણ આપી શકાય નહિ કેટલીક વખત એમ બને છે કે આપણો મત ગુરૂના મતથી કેવળ વિરૂદ્ધ હોય છે. પરંતુ તેવે વખતે આપણી ફરજ એ છે કે આપણો અભિપ્રાય ગુરૂ આગળ રજુ કરી તેને લગતો વિગતવાર ખુલાસો દીન વાણીથી રજુ કરવો અને તેમાં જો આપણે દોષ જણાય તો પોતે તે દોષને તરતજ સ્વીકારવો અને સુધારવો. કદાચ તેટલું કરતાં પણ આપણું અથવા ગુરૂનું સમાધાન ન થાય તો પછી એકાદ વધારે અનુભવી અને સંભાવીત ગ્રહસ્થ પાસે જઇ બનેબાજુની ખરી હકીકત રજુ કરવી, અને તેમની સલાહ લેવી પરંતુ કોઇ કાળે પણ પોતાનાજ અભિપ્રાયને આધારે વર્તવાનો પ્રયત્ન કરવો નહિ. તેમની આજ્ઞાને સદા માન આપવું.

પોતાના વર્ગમાં વડો વિદ્યાર્થી હોય તેને પણ ગુરૂની સમાન માન આવું. તેની આજ્ઞાને તુરત વેળા તાબે થવું અને જો તે આજ્ઞા અયોગ્ય અથવા ઇર્ષ્યા ભરેલી છે, એમ આપણને લાગે તો તે પ્રસંગની સઘળી હકીકત પોતાના ગુરૂ સન્મુખ રજુ

કરી દાદ માગવી. ગમે તેમ હોય પણ વર્ગના વડો વિદ્યાર્થી એક રીતે ગુરૂ સમાન છે કારણકે ગુરૂની ગેરહાજરીમાં સર્વના અધિકાર તેને સોંપાયલો હોય છે. માટે જેટલો વખત તે આસન ઉપર હોય તેટલો વખત તે ગુરૂ સમાન પુજ્ય અને વંદનીય છે.

ગુરૂને વખતો વખત ઉપયોગી થવું. જ્યાં જ્યાં તેમનો સમાગમ થાય ત્યાં ગુરૂને દરેક વખતે તેમને યોગ્ય સન્માન આપવા ચુકવું નહિ. તેમનાં બાળ બચ્ચાંને પોતાનાં ભાંડુ સમાન સમજી તેમની સાથે યોગ્ય રીતે વર્તવું. ગુરૂની પત્નિને માતા સમાન માન આપવું. પોતાના પાઠ નિયમીત રીતે તૈયાર કરવા. કોઇ પ્રકારે નુકશાન થાય તેવી રમતમાં ભેળાવું નહિ આમ કરવાથી ગુરૂની આપણા ઉપર સંપૂર્ણ પ્રીતિ થાય છે.

વિદ્યાર્થી અવસ્થા પુરી કર્યા પછી ગ્રહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાનો હોય છે. તે અવસ્થાના ધર્મ દર્શાવનારાં મોટાં મોટાં પુસ્તકો તૈયાર છે તે વાંચવાથી યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી શકાશે.

સામાન્ય રીતે જોતાં જે કોઇ પોતાનો વડિલ હોય તેના તરફ હંમેશાં માનની નજરથી જોવું. તેમની આજ્ઞા પાળવાને જેમ બને તેમ શ્રમ લેવો. જ્યાં મળે ત્યાં તેઓને સારી રીતે માન આપવું. તેઓના દોષ તરફ લક્ષ ન આપતાં તેઓના ગુણ ગ્રાહી થવું. તેમની શિખામણ ઉપર પુરતું ધ્યાન આપવું. દરેક પ્રસંગે તેઓની સલાહ લેવી. કદાચ તેમની તરફથી કોઇ પ્રકારે આપણને કઠોર વચન સહન કરવાં પડે તો કરવાં. પણ

કોઇ દીવસ આપણે તેમની સાથે ઉંચે સ્વરે બોલવું નહિ. સર્વદા શાંત સ્વભાવ રાખવો. મીઠી વાણીથી સર્વને પ્રસન્ન રાખવા. હરેક પ્રકારે તેમને ઉપયોગી થવાના પ્રયત્ન કરવો.

સદ્‌ગુણ અને સદ્વિદ્યા એ વડિલ સેવાનાં પરિણામ છે. આ દુનિયામાં જે કાંઇ નુકશાનકારક છે તે પહેલી નજરે વધારે સરળ અને વધારે પ્રીતિકર લાગે છે પણ જ્યારે જ્ઞાન અને અનુભવદ્વારા જોઇએ છીએ ત્યારે ખરેખર ચિતાર આપણી નજર આવે છે અજ્ઞાન બાળકો સદ્‌ગુણ કરતાં દુર્ગુણ વધારે સ્હેલાઇથી અને વધારે ભાવપૂર્વક ગ્રહણ કરે છે. કારણ કે તેઓના અંતઃકરણમાં જ્ઞાન અથવા અનુભવ એવું કાંઇ હોતું નથી. પરિણામે તેમને ઘણાં અસહ્ય સંકટો વેઠવાં પડે છે. તેવાં સંકટોમાંથી તેમને મુક્ત કરવાને. તેમને સદ્‌ગુણ ઉપર દોરવાની અવશ્ય જરૂર છે. હવે જો વડિલોની સેવા અંતઃકરણની પ્રીતિપૂર્વક કરીએ તોજ તેઓ આપણા ઉપર પ્રીતિ રાખી આપણને ન્યાય માર્ગે દોરે છે.

વડિલોની તરફ પુજ્ય ભાવ ધારણ કરતાની સાથેજ તેમના તરફ માનની નજરથી જોવાની પ્રેરણા થાય છે. તેમ થયા પછી તેમના ઠપકાને માટે ભય ઉત્પન્ન થાય છે. અને તેમની આજ્ઞા હિતકર છે એવી આસ્થા બેસે છે. આસ્થા દ્રઢ થતાં તે આજ્ઞા પાળવાની ઇચ્છા થાય છે અને તેમ કરવાથી ઘણા પ્રકારના લાભ મળે છે. ઠપકાના ભયને લીધે તેમની તરફ મ-

ર્યાદાથી વર્તવાની ફરજ પડે છે મર્યાદા પ્રમાણે વર્તવામાં ઘણા દુર્ગુણોનો ત્યાગ કરવાની જરૂર પડે છે. દુર્ગુણ ઓછા થતાં સદ્‌ગુણ વધારે પ્રકાશમય થાય છે અને ક્રમે કરીને આચાર વિચાર, વર્તન, ટેવ, રીતભાત, સઘળું સુધરી જાય છે. એક વખત સદ્‌ગુણ પ્રાપ્ત થયા પછી તેનાં સારાં પરિણામ આવે છે અને આપણને તેનો લાભ મળે છે. લાભ મળવાથી તેવાજ લાભ વારવાર મેળવવાની ઈચ્છા થાય છે અને આ રીતે સદ્‌ગુણને હમેશાં વળગી રહેવાય છે. દુર્ગુણોનો એકવાર ત્યાગ થયાપછી તેના તરફ અભાવ થાય છે, તેમ થયેથી તેમાંથી નિપજતાં માઠા પરિણામ ઉપર લક્ષ જાય છે અન તેનો અનુભવ થતાં તેનાં તરફ તીરસ્કાર ઉત્પન્ન થાય છે. અંતે દુર્ગુણનો એની મેળેજ નાશ થાય છે.

દુર્ગુણનો નાશ થયા પછી અને સદ્‌ગુણનો સંપૂર્ણ ઉદય થયા પછી આપણા વડિલોની આપણા ઉપર પ્રીતિ અને ભાવ ઉત્પન્ન થાય છે. તેમ થયા પછી તેઓ આપણી સારી ચાલને લીધે આપણને શાબાશી આપી તેઓના સંબંધી વર્ગમાં આપણાં વખાણો કરે છે. આપણને પણ આપણી કીર્તિ જાળવી રાખવાનું મન થાય છે અને તેથી ઉમંગથી આપણે આપણા સદાચારને વળગી રહીએ છીએ. પરિણામે સર્વ પ્રકારનું સુખ આપણને સહજમાં પ્રાપ્ત થઈ શકે છે.

વડિલોની મહતા યથાર્થ સમજવી જરૂરની છે. તેમની મ-

ઉતાવિષે બીનઅનુભવી રહેવાથી ધણા પ્રકારે ગેરલાભ થાય છે. તેમની મહતા ન જાણ્યાથી તેમની શિખામણ પુરેપુરી અસર કરતી નથી; તેથી તેની અવગણના કરવાનું મન થાય છે. એમ થવાથી પ્રસંગોપાત તેમની આજ્ઞા પાળવાનો ઉમંગ ઓછો થાય છે. પરિણામે તેઓની પ્રીતિ ઓછી થાય છે. તેમ થતાં તેઓ આપણને તીરસ્કારે છે અને અળગા કરે છે. તેમ થયાથી આપણે એકલા નિરાધાર પડી જઈએ છીએ. નિરાધાર થયાથી આપણને ખરાબ મિત્રો આવી મળે છે. તેની સોબતમાં આપણે દુર્ગુણી થઈએ છીએ. તેથી આપણી વગોવણી અને અપયશ થાય છે. અને છેવટ પરિણામે આપણને હજારો પ્રકારનાં સંકટ સહન કરવાં પડે છે. આર્યશાસ્ત્રોમાં કહ્યું છે કેઃ—

गृहागतं क्षुद्रमपि यथार्हं पूजयेत्सदा ।
अरावप्युचितं कार्यमातिथ्यं गृहमागते ॥

"ઘર આગળ આવેલો માણસ ભલે ક્ષુદ્ર હોય તોપણ તેને ઘટે તેવો તેનો સત્કાર કરવો. વળી શત્રુ પણ ઘેર આવે તો તેની પરોણાગત કરવી."

येन केन प्रकारेण यस्य कस्यापि देहिनः ।
संतोषं जनयेत्प्राज्ञस्तदेवेश्वरपूजनं ॥

"બુદ્ધિમાન પુરૂષે હરકોઇ રૂડા પ્રકારે કરી કોઈપણ પ્રાણીને સંતોષ ઉત્પન્ન કરવો કારણકે ખરૂં જોતાં તેજ ઈશ્વર પુજન છે."

આ પ્રમાણે જ્યારે દેખીતી રીતે જેઓ કાંઇપણ માનને લાયક નથી તેવાઓનો સત્કાર કરવાની આવશ્યકતા છે તો પછી માબાપાદિ વડિલોના તો દાસાનુદાસ થઇને જ રહેવું જોઇએ.

---

વડિલોની સેવા કરવામાં બેદરકારી વાપર્યાથી કેવાં માહાભારત સંકટો વેઠવાં પડે છે તેના દાખલા પુરાણ, ઇતિહાસ વિગેરે શાસ્ત્રોમાં ઘણાજ છે. પરંતુ આ સ્થળે હું એક તાજોજ દાખલો રજુ કરૂં છું કે જેવા દાખલા વાંચકવર્ગમાંના ઘણાએ જોયાં અથવા સાંભળ્યા હશે.

* મુંબઇમાં માહાલક્ષ્મી એ નામે એક વિશાળ સ્થળ છે. ત્યાં ધનાઢ્ય લોકો ઘણા રહે છે. ત્યાં મદનલાલ નામે એક ગૃહસ્થ રહેતો હતો. તેને ચીમન નામનો એક છોકરો હતો. પોતાના છોકરાની તન્દુરસ્તીની સંભાળ લેવાને અને તેના મનની ઈચ્છા પરીપુર્ણ કરવાને મદનલાલ હમેશાં તત્પર રહેતો. આ કારણને લીધે ચીમનને કોઇ પ્રકારની કસર વેઠવી પડતી નહિ. ચીમનની મા જયાગવરી પણ ડાહી અને સમજુ હતી. ચીમન પણ હમેશાં આનંદમાં રહેતો અને માબાપની આજ્ઞા પ્રમાણે ચાલતો.

---

* આ વાત ખરી બનેલી છે, અને તેનાં પાત્રો પણ હજી હયાત છે. પરંતુ તેઓની લાગણી દુભાય નહિ એટલા માટે તેઓના ખરાં નામને બદલે અત્રે કલ્પીત નામ આપેલાં છે.

એક વખત એવું બન્યુ કે મદનલાલને કાંઈક અગત્યના કારણસર બે ત્રણ માસની મુદત માટે અમદાવાદ જવાનું થયું. આથી કરીને તેટલી મુદત સુધી ઘરનો સઘળો કારભાર ચલાવવાનું મહત્કાર્ય ચીમનની માતા જયાગવરીને માથે આવી પડયું. જયાગવરી તે કાર્ય કરવાને નાલાયક નહોતી, પરંતુ પોતાને રોજ જે કાર્ય કરવાનું હતું તે ઉપરાંત સ્વામીના કાર્યનો ઉમેરો થવાથી તેના ઉપર કાર્યનો બોજો વધી પડયો આ કારણને લીધે જે કાર્ય થોડી અગત્યનું હોય તેને તેણીએ મુલતવી રાખવા માંડયું. એમ કરતાં કેટલીક પ્રકારની નજીવી અડચણો આવી પડતી ખરી, પણ તે બાઈએ તેની દરકાર ન કરતાં દિવસ ગાળવા માંડયા. આ પ્રમાણે થોડાક દિવસ ચાલ્યું. પરંતુ દિવસે દિવસે અગવડ વધવા માંડી. ચીમનને પણ કેટલીક પ્રકારની અગવડ વેઠવી પડતી. જમવાનું કેટલીક વખત મોડું વહેલું થાય અને કેટલીક વખતે સાદા ભોજનથી ચલાવી લેવું પડે. કેટલીક વખત બીજી પણ અડચણો વેઠવી પડે. પરતુ તે અડચણો દુર કરવાને જયાગવરી વારંવાર સંભાળ લેતી એટલુંજ નહિ પણ એક અથવા બીજી રીતે ચીમનનું સમાધાન કરવા ચુકતી નહિ.

પરંતુ દરેક બાબત ઉપર પુરતુ લક્ષ આપવા જતાં એક માણસ એકાદ બાબત ભૂલી જાય એ સ્વાભાવીક છે. એક વખત ચીમનનાં પહેરાવવાનાં લુગડાં કહાડવાનું જયાગવરી વિસ-

રી ગઇ અને રસોઈ કરવાને નાહીને રસોડામાં ગઈ. રસોઇ તૈયાર થયા પછી ચીમન પણ નાહીને જમ્યો. આ વખતે નિશાળે જવાનો વખત થયો હતો. તેથી ચીમને પોતાનાં લુગડાંની તજવીજ કરી, તો તે તૈયાર ન મળે. નિશાળે જવાનો વખત થયેલો હોવાથી તેને જવાની ઉતાવળ હતી. તેમાં વળી લુગડાં કહાડવાનું કાર્ય નવું ઉમેરાયું. આથી કરીને ચીમન સ્હેજ ગભરાયો. નિશાળે મોડા થવાથી શિક્ષકનો ઠપકો બેઠવો પડશે એવી ધાસ્તી તેના મનમાં ઉત્પન્ન થવાથી તેણે જેમાં તેમાં ઉતાવળ કરવા માંડી. તેની માતાએ તેને આગલે દીવસે પહેરેલાં કપડાં પહેરી નિશાળે જવાને સમજાવ્યો, પણ તેણીનું કહ્યું તેણે માન્યું નહિ. તેમ કરતાં તેણે જોરથી કબાટ (જેમાં લુગડાં ભરેલાં હતાં તે) ઉઘાડવા માંડયું. તેના આંચકાથી બાજુએ ટાંગેલો તેના કુટુંબના ફોટોગ્રાફનો તખ્તો નીચે પડી ફુટી ગયો. પોતાની માતાની શિખામણના અવગણના કરીને તેણે કરેલા આ બેફુદા કામથી ભારે કીંમતનો તખ્તો નાશ પામ્યો એટલુંજ નહિ પણ તેની અંદરના ફોટોગ્રાફ ઉપર પણ કાચના કડકા પડવાથી આખો ફોટોગ્રાફ બેડાળ અને કદ્રુપો થઇ ગયો.

આમ થવાની સાથેજ જયાગવરી ત્યાં આવી પહોંચી. નુકસાન થયેલું તેણીએ જોયું પણ તેણીએ જાણ્યું અજાણ્યું કરી નાખ્યું. ચીમન તો એકદમ શરમીંદાજ પડી ગયો. પોતાની ભૂલ હોવાથી બીજાને ઠપકો દેવાય તેમ નહોતું. તેથી જેલુગડાં આ-

અગલે દીવસે પહેર્યાં હતાં તેજ પહેરી લઈ તે મુંગો મુંગો નિશાળ તરફ ચાલ્યો. આ અકસ્માતને લીધે તેના મનમાં જે ગભરાટ થયો હતો તે ગભરાટ ધીમે ધીમે ઓછો થતો ગયો અને તેનો દોષ કોના ઉપર છે, તે વિચારવા લાગ્યો.

"આ અકસ્માત થવામાં મારો શો દોષ? મારી માએ મને કપડાં ન કહાડી આપ્યાં ત્યારે મેં તે કપડાં મારે હાથે લેવાની મહેનત કરી અને તેમ કરતાં તખ્તો ફુટયો તેમાં મારો શો વાંક? મારી બાએ કપડાં ન કહાડી રાખ્યાં તેથી ખરૂં જોતાં તો તેનીજ ભૂલ કહેવાય. અને તેથીજ તેણી મને કાંઇ ઠપકો આપી શકી નહી."

આવા અનુમાન ઉપર આવી ચીમને પોતાના માથેનો જોખમ દુર કર્યો. પોતે નિર્દોષ છે એમ તેના મનની ખાત્રી થવા લાગી, અને વિચારમાં ને વિચારમાં નિશાળે જતો હોવાથી તે ત્યાં ઘણો મોડો પહોંચ્યો. તેના શિક્ષકે તેને મોડા આવવાનું કારણ પુછ્યું, અને જવાબમાં ચીમને સઘળી હકીકત કહી પોતાને કેવળ નિર્દોષ જાહેર કર્યો. શિક્ષકે વિચાર કર્યો કે "એક રીતે જોતાં પોતાની માતાની આજ્ઞાનો અનાદર કરવા માટે ચીમન ઠપકાને પાત્ર છે; છતાં વખત વિચારીને તેની માતાએ તેને ઠપકો ન આપ્યો. પરંતુ તેનું પરીણામ અણધાર્યું આવવું જોઇએ, કારણકે પોતાની ભૂલ પોતે જાણી ન શકવાથી અકસ્મા-

તનો દોષ તે પોતાની માતા ઉપર મુકે છે. આથી તે કદાચ આગળ જતાં પોતાના વડીલોનું માન રાખવામાં ચુક કરે અને તેનાં માઠાં પરિણામ તેને ભોગવવાં પડે." માટે તેનું અજ્ઞાનપણું દુર કરવાને શિક્ષકે ચીમનને કહ્યું, "અલ્યા ચીમન! તારૂં કહેવું ખોટું છે. તું પોતાનો વાંક કબુલ કરવાને બદલે તે વાંક બીજા ઉપર મુકે છે એ વ્યાજબી નથી. તેં તારી માતાની આજ્ઞાનો અનાદર કર્યો એ તારો વાંક છે અને તે માટે તને ઠપકો અથવા શિક્ષા થવી ઘટે છે. વળી તું ઘણીજ ભારે શિક્ષાને લાયક છે, કારણું કે કિંમતી તખ્તાનો નાશ થવાથી પૈસા સંબંધી નુકશાન થયું છે; એટલુંજ નહિ, પણ તારા કુટુંબનો ફોટોગ્રાફ બેડોળ થઈ જવાથી તે હવે હંમેશને માટે રદ થયો છે, અને તેની જોડી હવે સેંકડો રૂપીઆ ખર્ચતાં પણ મળવાની નથી; કારણ કે તે ટોળામાંનાં ઘણાં જણ સ્વર્ગવાસી થયાં છે, અને તેઓ પોતાનો ફોટોગ્રાફ પડાવવાને આવી શકનાર નથી. આ પ્રમાણે તેં તેઓના નામનો નાશ કર્યો છે, કારણ કે તે ફોટોગ્રાફને લીધેજ તેઓનું સ્મરણ થતું. હવે તેઓ ધીમે ધીમે સદાને માટે વિસરાઈ જશે. કહે ત્યારે હવે તેમાં કોનો દોષ છે?"

ચીમન આ હકીકત સાંભળી ગભરાયો, કારણ કે પોતે પોતાના મનમાં એમ માનતો હતો કે પોતે નિર્દોષ છે, પરંતુ કોઈ પણ રીતે તે અનુમાનને બહારથી ટેકો મળ્યો નહોતો. માતાએ તો પોતાનો અભિપ્રાય આપ્યોજ નહોતો. આથી

તેના મનમાં ઘણીજ ચિંતા થવા લાગી. " મારા પિતા મને આ નુકશાન માટે શું કહેશે? મારે હવે એમને શો જવાબ આપવો? અને શિક્ષક સાહેબ તો મારો દોષજ કહાડે છે તો પછી મારા પિતા પણ તેમજ કહેશે તેમાં શું નવાઈ?" આવી ચિંતામાં તેનું મન ડોલવા લાગ્યું. અભ્યાસ ઉપરથી તેનું મન ઉઠી ગયું. પોતાના પાઠ વાંચવા માંડયા, પણ તેમાં લક્ષ લાગ્યું નહિ. શિક્ષક પાસે જઇને આજીજી કરતાં શિક્ષકે એવો જવાબ આપ્યો કે 'જેનો તેં વાંક કર્યો છે તેજ તને શિક્ષા કરશે. હું તને શિક્ષા કરીશ નહિ.' આ સાંભળી તે તો વધારે ગભરાવા લાગ્યો. માતા, પિતા, કુટુંબીઓ એ સર્વનો તેણે ગુન્હો કર્યો હતો એમ તેને લાગ્યું અને પ્રત્યેક જણ જો જુદી જુદી શિક્ષા કરે તો કેટલી શિક્ષા થાય? . .

આવી રીતે ચિંતામાંને ચિંતામાં નિશાળનો વખત પુરો કર્યો; સાંજે તેનું માથું ચડી આવ્યું. પગમાં ચાલવાની શક્તિ પણ નહોતી. ગાડીમાં બેશી ઘેર જવા વિચાર કર્યો પણ પોતાની માતા પાસેથી એક પૈસો સરખો પણ ન લીધેલો. તેથી ચાલતા ઘેર ગયા વિના છુટકોજ નહોતો. જેમ તેમ કરીને તે ઘેર પહોંચ્યો.

સાધારણ રીતે જ્યારે તે નિશાળેથી ઘેર જાય ત્યારે તેની માતા તેને મીઠી વાણીથી વધાવી લેતી. પરંતુ તે દિવસે તેની માતાએ એટલું બધું વ્હાલ બતાવ્યું નહિ. આથી ચીમનનું મન ઘણુંજ ભરાઈ આવ્યું. ઘરમાં જઈ કપડાં કહાડી એક

ખૂણામાં બેશી વિચાર કરવા લાગ્યો. એકજ અકસ્માતને લીધે આટલો બધો ફેરફાર થઈ ગયો એ તેને ઘણુંજ વિષમ લાગ્યું; રોવું આવી ગયું. આખરે રોવું બંધ કરી વિચાર કરવા લાગ્યો; "હવે મારે શું કરવું ?" એ વિચારમાં તેનું ચિત્ત ગુંથાયું. છેવટે અનુમાન કર્યું કે આ પ્રમાણે રડવાથી કાંઈ લાભ થવાનો નથી માટે સ્હેલો રસ્તો એજ છે કે માતા પાસે જઈ અપરાધની ક્ષમા માગવી. અને તે કહે તે પ્રમાણે શિક્ષકના મનનું સમાધાન કરવું.

જયાગવરી જ્યાં આગળ બેઠી હતી ત્યાં તે ગયો, અને પાસે જઈ ઉભો રહ્યો પણ તેનાથી કાંઈ પણ બોલી શકાયું નહિ. આંખમાં ઝળઝળીયાં ભરાઈ આવ્યાં હતાં તે લોહી નાખી આખરે તેણે બોલવાની હીંમત પકડી.

"બા! આજ મેં તારો મોટો ગુન્હો કર્યો છે. અને તને માટે તારે જે શિક્ષા કરવી હોય તે સહન કરવાને હું અહીં આવ્યો છું."

જયાગવરીએ આ પ્રમાણે ચીમનને બોલતો સાંભળી તેના તરફ જોયું. મા દીકરાની આંખ ભેગી થતાંજ જયાગવરીનું અંતઃકરણ હર્ષના આવેશથી ઉભરાઇ આવ્યું, કારણ કે ચીમનને પોતાનો દોષ આટલો જલદી દેખાશે એમ તેણીએ આશા રાખી નહોતી. અકસ્માત બન્યો તે વખતે તેણીના અંતઃકરણમાં જરા ક્રોધનો આવેશ જન્મ્યો હતો અને ચીમનને યોગ્ય શિક્ષા કર-

વાનો ઠરાવ પણ તેણીએ કર્યો હતો. પણ જ્યારે ચીમનની આંખમાં ઝળઝળીઆં તેણીએ જોયાં ત્યારે તેણીની ખાત્રી થઈ કે તેને પોતાના ગુન્હાનો પસ્તાવો થયો છે, અને તે તેને એક પ્રકારે શિક્ષા રૂપજ છે. એમ માની તેણીએ ચીમનને પોતાની પાસે બેસાડી તેનાં આંસુ પોતે લોહી નાંખ્યાં. ચીમનને આથી ઘણું આસ્વાસન મળ્યું. તેના અંતઃકરણના બોજાનો અર્ધો ભાગ એકદમ ઓછો થઈ ગયો. તુર્ત વેળા તો તેના મનમાં સઘળું સમાધાન થયલું જણાયું. પરંતુ હજી તેના ગુરૂનું સમાધાન થયું નહોતું. તેના પિતાનું સાન્ત્વન કરવાનું પણ બાકીજ હતું, અને તે મહત્ કાર્ય કેમ સિદ્ધ થઈ શકે તે હજી જોવાનું હતું. જયાગવરીનો રોષ તદ્દન જતો રહ્યો છે એમ જ્યારે ચીમનની ખાત્રી થઈ ત્યારે તેણે પોતાની માતાને કહ્યું; "બા! આવતી કાલે હું સ્કુલમાં જઇશ ત્યારે મને વર્ગમાં દાખલ ન થવા દેવાનો શિક્ષક સાહેબે હુકમ કર્યો છે. કારણ કે તેમણે કહ્યું કે 'માતાની આજ્ઞાનો અનાદર કરવામાં તેં ઘણો મોટો અપરાધ કર્યો છે. અને તે અપરાધ માટે તને યોગ્ય શિક્ષા થવાની જરૂર છે.' અને એ કારણને લીધે મને વર્ગમાં બેસવા દેવાની ના પાડી છે." જયાગવરી એમ જાણતી હતી કે 'ચીમનનો શિક્ષક આવું કાંઇક કહ્યા વિના રહેનાર નથી. આ વખત જો માફ કરવાને તેને કહેવામાં આવે તો તે પણ ખોટું, કારણ કે તેથી ચીમન કદાચ એવું અનુમાન કરે કે માતાની માફી મળી એટલે વગર શ્રમે નિશાળમાં

પણ માફી મળી. વળી નિશાળનો ગુન્હો અને અહીંનો ગુન્હો બે એકમાંથી જન્મેલા છતાં જુદા જુદા છે. માટે હાલ તુરત તે સંબંધી કાંઇ પણ જવાબ આપવાની જરૂર નથી. પ્રસંગ પરત્વે થઈ રહેશે.'

એમ માની જયાગવરીએ તુર્ત વેળા તો એમજ પ્રત્યુતર વાળ્યો કે " શિક્ષકની નજરમાં આવે તે શિક્ષા તારે સહન કરવીજ પડશે. તને માફ કરવાનું હું તેને કહી શકું નહિ. તારાથી બને તો તું તેની માફી માગી જોજે."

આંટલો ટુંકો પ્રત્યુતર સાંભળી ચીમનના મનમાં ઘણોજ ગભરાટ થયો. જ્યારે માતા તરફથી આવો જવાબ મળ્યો તો શિક્ષક અને પિતા પોતાને કેટલી શિક્ષા કરશે એ તે અટકળી શક્યો નહિ. ચિંતાને લીધે તેનું અંતઃકરણ ફરીથી અકળાવા લાગ્યું. પણ તે વખતે શોક કરવો ઉપયોગી નહોતો એમ માની તેણે રડવાનું છોડી દીધું, અને ભવિષ્યને આધિન થઇ પોતાના પાઠ વાંચવા સારૂ ઉપરના દિવાનખાનામાં ગયો.

તે વખતે સાંજના છએક વાગ્યા હશે. અમદાવાદની ગાડી આવી પહોંચવાનો સમય હતો. ચીમનનો પિતા જે કાર્ય માટે અમદાવાદ ગયો હતો તેજ કાર્યના સંબંધમાં કાંઇક અગત્યના કારણને લીધે એકદમ મુંબઇ પાછો ફર્યો હતો, અને તેના આવી પહોંચવાની દરેક પળે વકી રાખવામાં આવતી હતી.

ચીમનનો શિક્ષક જે પોતાના શાળાસંબંધી કામકાજથી પરવારી સાંજના હવા ખાવા બ્હાર નિકળ્યો હતો તે પણ અનાયાસે યોગ્ય પ્રસંગ ઉપર ચીમનને ઘેર જઈ ચડયો. તેના ઘરમાં દાખલ થતાની સાથેજ ચીમનનો પિતા પણ પોતાના એક મિત્રને સાથે લઇ ઘર આગળ આવી પહોંચ્યો. સર્વ મળ્યાં અને એકમેકની ખબર અંતર પુછયા બાદ ચીમનના પિતાએ ચીમનને પોતાની પાસે તેડાવ્યો. ચીમનના મનનો પશ્ચાતાપ હજી શમ્યો નહોતો, તેથી તેનાથી હમેશની માફક આનંદમય ચ્હેરે પોતાના પિતા પાસે જઇ શકાયું નહિ.

જેમ તેમ હિંમત રાખી ચીમન નીચે આવ્યો, બાપને મળ્યો. બાપે તેનો ઉતરેલો ચ્હેરો જોઇ પુછ્યું, "કેમ બેટા! આજ કાંઇ ઉદાસ કેમ ? તારી માએ તને માર્યો તો નથી ?"

"નહિ બાપા! એ તો અમસ્તુંજ." ચીમને જેમ તેમ જવાબ વાળ્યો અને તરતજ તેની આંખોમાં આંસુ ભરાયાં.

"કેમ આજ કાંઈ નવા જુની છે કે શું " મદનલાલે જયાગવરીને હસ્તાં હસ્તાં પુછ્યું.

"તમારો ચીમનજ તમને ખુલાસો આપશે," જયાગવરીએ ચીમન સામું જોઈ જવાબ વાળ્યો.

ચીમનને હવે પોતાનો વાંક કબુલ કર્યા વિના છુટકો જ નહોતો. તેણે દયામણે ચ્હેરે સઘળી હકીકત ખરેખરી જણાવી દીધી. ચીમનનો પિતા પણ થયેલા ગંભીર નુકશાન વિષે સાંભ-

ળતાંજ જરા વિચારમાં પડયો ખરો, પરંતુ ચીમનનો પશ્ચાતાપ એજ તેને પુરતી શિક્ષા છે એમ માની તેને વધારે શિક્ષા કરવાનું માંડી વાળ્યું. તેના શિક્ષક પણ તેજ અભિપ્રાય દર્શાવ્યો, પણ શિખામણના બે બોલ એજ વખતે કહેવાની જરૂર તેણે જોઇઃ—

"ચીમન ! તું એમ ન સમજતો કે તને શિક્ષામાંથી મુક્ત કરવામાં આવ્યો છે. જો તું સમજુ છોકરો હોય તો તને થયેલી શિક્ષા બસ છે. જો તું મુર્ખ અને નાદાન હોય તો તને શિક્ષા કરવાથી કાંઈ લાભ નથી. તારે અવશ્ય સમજવું જોઈએ કે માબાપની અને વડીલોની આજ્ઞાની સ્હેજ પણ અવગણના થાય તો ઘણાંજ ભારે નુકશાન થાય છે. આજનો દાખલો તારા સમક્ષજ છે. તારી નજીવી કસુરને લીધે કેટલું નુકશાન થયું છે તેનો તું વિચાર કર. હવેથી બાળક બુદ્ધિ તજી દેજે, અને વડીલ વર્ગની આજ્ઞાનો અનાદર કરતો નહિ. મારો વિચાર તો સખત શિક્ષા કરવાનો હતો પરંતુ આજ હું તને ક્ષમા કરૂં છું, અને હું આશા રાખું છું કે હવે જલદીથી તું સુધરશે. તારા જેવા છોકરાઓએ માબાપની અથવા મુરબ્બીની રજા વિના કાંઈ પણ ન કરવું જોઈએ. વળી તારે ખચીત્ માનવું કે જે કાંઇ તેઓ તરફથી તને કહેવામાં આવે તે ફક્ત તારાજ હિતને માટે હોવું જોઇએ. કારણ કે તારા હિતને માટે તેઓ જેટલાં તત્પર હોય છે તેટલું બીજું કોઇ હોતું નથી.

જો કવિશ્વર નર્મદાશંકરે શું કહ્યું છે !

દોહરા.

સોળ વર્ષ થાતાં લગી, વડિલ બુદ્ધિએ ચાલ;
નિજ બુદ્ધિથી ન ચાલવું, ભૂંડા થાયે હાલ.
ઘરમાં આજ્ઞા માનવી, માત તાત કહે તેહ;
નિશાળમાં ગુરૂ તણી, ભણવું લગાડી લેહ.
વળી વિવેક રાખીએ, માબાપોનું માન;
ઈશ્વર વર શુભ આપશે, કરશે લોક વખાણ.
માત પિતા ગુરૂ એ સરવ, કહે તે કરવું તર્ત;
નવ કરવો કદિ વાયદો, રમવી નહિ કંઇ સર્ત.
ઉછાંછળાં છોરૂ તણી, સંગત મુકવા કેહ;
વડિલ આજ્ઞા માનવી, હિત વચની છે તેહ.
દાતા વિદ્યા અન્નના, ભયથી બચાવનાર;
એ ત્રણે હિતકારી છે, બાપ સમાનજ ધાર.
મર્યાદામાં વૃદ્ધની, આપણ રહિયે રોજ;
આગળ છોરૂ રાખશે, ભાર બોજ રે તોજ.

તેવીજ રીતે એક ગ્રહસ્થ પોતાનાં માબાપનું સ્તવન નિચે પ્રમાણે કરે છે.

શાર્દુલ વિક્રિડિત.

માતા તેં કરૂણાળુ થઈ ઉર વિષે આનંદથી પોષિઓ,
પાયું નિજ સ્તન પાન ભાવ ધરિને હંમેશ સંતોષિયો;
ભોગવિયાં બહુ કષ્ટ દુઃખગણના સ્વપ્ને કદા ના કરી,
આ તારો આભાર મુજ મનમાં રે'શે નિરંતર ઠરી. ૧

નહિ ગણિયા નિજ સ્વાદ ભોગ તૃણમાં સુખમાં મને રાખિઓ,
અહિને અંગ ઉમંગ લાડ લડવ્યાં ગાઈ રૂડી સાખિઓ;
કીધી ઈચ્છા પુર્ણ બાળવયની નહિ જ્ઞાન જ્યારે જરી,
આ તારો આભાર મુજ મનમાં રે'શે નિરંતર ઠરી. ૨

તીર્થ શ્રી મનમાં દયા ધરિ તમે વિદ્યા ભણાવી મને,
આપ્યાં વિધ વિધ જ્ઞાન બાળવયમાં તન ધ્યાન ધનથી તમે;
કીધી ચાલ સુચાલ યત્ન કરિને શિક્ષા સુભાવે કરી,
આ સાચો આભાર મુજ મનમાં રે'શે નિરંતર ઠરી. ૩

ઉપરની શિખામણ તારા અંતઃકરણમાં સ્થિર કરી રાખ. એ તને વારંવાર ઘણીજ ઉપયોગી થઇ પડશે. અને તારા સંસાર-નાવને આવી પડતાં ઘણાં વિઘ્નો તેની મદદથી દુર થશે. તે ઉપ-રાંત વળી આટલું પણ તારે યાદ રાખવું કે જે તારા વડીલો છે, તે તારા હિતમાંજ હમેશાં તત્પર રહે છે, માટે જે કાંઇ તને તેમના તરફથી કહેવામાં આવે તે ફકત તારા હિતને માટેજ સમજજે. એમ ઘણીક વખત બને છે કે તારા પોતાના હિતને માટે અમુક કાર્ય કરવાનું અથવા અમુક નિયમે વર્તવાનું તને કહેવામાં આવે છે. અને તે કાર્ય અથવા તે નિયમ તને ખરે-ખર લાભકારક હોવા છતાં તે કાર્ય કરવાની તારી અશક્તિને લીધે અથવા તારા પોતાના અજ્ઞાનપણાને લીધે તેને તું વખોડી નાખે છે અને તે કાર્ય યોગ્ય રીતે પરિપૂર્ણ થઇ શકતું નથી.

આથી તેનાં ધારેલાં શુભ પરિણામ યોગ્ય વખતે મળી શકતાં નથી અને તેથી કદાચ તારા અનુમાનને અજાયબ રીતે ટેકા પણ મળે છે. પરંતુ તારે ખરેખર માનવું કે તારા અનુમાનને ગમે તેટલો ટેકા મળવા છતાં જે ભૂલ ભરેલું છે તે ખરેખર નુકશાનકારકજ નિવડવાનું. સામાન્ય રીતે એવો નિયમ છે કે હરેક કાર્ય બે રીતે થઇ શકે છે. એક તો આનંદ અને ઉમંગથી તે પરિપૂર્ણ કરવું તે, અને બીજી રીતે તેના તરફ કાંઇપણ ખંત રાખ્યા વિના જેમ તેમ પુરૂં કરવું તે. બન્ને રીતે કાર્ય પુરૂંજ થાય છે પરંતુ પરિણામ જુદાં જુદાં આવે છે. પહેલી રીતે કાર્ય કરવાથી તેનો લાભ સંપૂર્ણ મળે છે. બીજી રીતે કરવાથી લાભ ન મળવાને બદલે ઉલટી નિરાશા અને આળસ ઉત્પન્ન થાય છે. તારા જેવા બાળકોએ જે કાર્ય કરવાનું હોય તે પ્રથમ રીતે કરવું જોઇએ.

કદાચ એમ બને કે ખરી હકીકતની ગેરહાજરીમાં અથવા સમજફેરને લીધે તને કોઇ દીવસ તારા વડીલો તરફથી કાંઇ અયોગ્ય ઠપકો અથવા શિક્ષા કરવામાં આવે તોપણ તેવા પ્રસંગે એકદમ તેઓને ઠપકામાં ગણવા ન જોઇએ. કારણ કે તેમ કરવાથી તેમના તરફની પ્રીતિ ઓછી થાય છે. વળી જો તેવો પ્રસંગ આવે અને તું ધિરજ અને આનંદથી તેઓની શિક્ષા સહન કરે તો તેમાં તને લાભ જ થશે. કારણ કે ખરી હકીકત બ્હાર આવેથી અથવા સમજફેર દૂર થવાથી તરતજ તેઓ

પોતાની ભૂલ સમજશે, અને તને થયેલી અણઘટતી શિક્ષાના બદલામાં તે તને વધારે ચ્હાશે, તેમજ કોઇ વખત તારો દોષ જણાતાં તને ઘણી જલદીથી ક્ષમા કરશે.

એમ પણ ઘણી વખત બને છે કે તારા એકાદ વડીલની ખામીઓ તને સમજાય છે, અને તેથી તેનું તે ખામીઓ તરફ ધ્યાન ખેંચવાનું મન થાય છે. પરંતુ તેવા પ્રસંગોમાં જેને તું કાંઇ કહેવાનું ઇચ્છતો હોય તેની લાગણી તારા કહેવાથી કોઈ પ્રકારે દુખાય નહિ તે તારે અવશ્ય ધ્યાન રાખવું. કારણ કે તેવી સંભાળ રાખવામાં ન આવે તો પરસ્પર અપ્રીતિ અને વિરોધ ઉત્પન્ન થાય છે, અને જે તારા મિત્ર જેવા હોય છે તેની સાથે કાળે કરીને દુશ્મનાવટ કરવાનો પ્રસંગ આવે છે. હાલ હું તને વધારે કહેતો નથી. પણ આટલી શિખામણ તારા અંતઃકરણમાં ઠસાવશે તો તને ઘણોજ લાભ થશે."

શિક્ષકે પોતાનું કહેવું પુરૂં કર્યું. તેના કહેવાની ઘણીજ સારી અસર થઇ, કારણકે તે દિવસથી આજ સુધી વડીલોની સલાહ અને સંમત્તિ વિના કાંઇ પણ કાર્ય ચીમને કર્યું નથી.

વડીલોની આજ્ઞાનો અનાદર કરવાથી ઘણા માણસો મહા સંકષ્ટ ભોગવી છેવટે નર્ક અને દુઃખના અધિકારી થયા છે એ વાત સિદ્ધ કરનારાં ઘણાં ઉદાહરણો શાસ્ત્રોમાં આપેલાં છે તેમજ આપણી નજરે પણ પડે છે. પરંતુ આ સ્થળે તે સંબંધિ વિવેચન લાંબુ કરવાની જરૂર રહેતી નથી.

આ પ્રમાણે શાસ્ત્રાધાર, વર્તમાન પ્રમાણુ અને લૌકીક રીત-રિવાજ એ સર્વે જોતાં એમજ સિદ્ધ થાય છે કે વડીલ સેવા કરવામાં તત્પર રહેવાનો સર્વનો ધર્મ છે. અને એજ ખરેખર શ્રેયઃ સાધક છે. પ્રીય વાંચક ! વડીલોની રૂડા પ્રકારે સેવા કર, તેમના તરફ ભકિતભાવ દેખાડ, તેમને જે પ્રીય હોય તે કરવામાં તત્પર થા અને સર્વમાન્ય ધર્મશાસ્ત્રોના ફરમાન પ્રમાણે તારા ધર્મ યોગ્યરીતે બજાવી આ લોકમાં તેમજ પરલોકમાં યશ અને સુખનો અધિકારી થા. અસ્તુ.

---

## ઇશ્વર પ્રાર્થના.

વસંત તિલકા.

હે વિશ્વદેવ કર દૂર કુબુદ્ધિ પાપ,
જેથી પમાય સુખ સંપત્તિ જે અમાપ;
સદ્‌બુદ્ધિ થાય ગુરૂજન હરખે પુજાય,
આશિશ જેની મળતાં ભવ દુઃખ જાય.

---

# જોઇએ છે.

આ બાળોપયોગી નિબંધમાળાનાં પુસ્તકોની અગત્ય ગ્રાહકોને સમજાવી શકે અને પુસ્તકોનાં વેચાણ કરી શકે એવા ચાલાક એજંટો. શિક્ષકોને વધારે પસંદ કરવામાં આવશે. કમીશન તથા કાર્ય પધ્ધતિને માટે નીચેને સરનામે લખવું:—

"અમૃતલાલ સંપતરામ આચાર્ય

સેક્રેટરી, બા. હિ. મંડળી.

નં. ૧૨૪–૧૨૬ ભૂલેશ્વર મુંબઇ."